

## વૉરિકશાયરમાં
## બાળકોને તંદુરસ્ત અને સુરક્ષિત રાખવા

Keeping Children Safe and Healthy in Warwickshire

### માતાપિતાઓ, બાળકો અને યુવાવર્ગ માટે
### એક ઈ - સુરક્ષા માહિતી પત્રિકા

**આ પત્રિકામાં તમને વધુ જાણવા મળશે**
**જેમ કે:**

- વૉરિકશાયર સેફગાર્ડિંગ ચિલ્ડ્રન બૉર્ડ શું છે અને તે વૉરિકશાયરમાં બાળકોને ઈજાથી બચાવીને સુરક્ષિત રાખવા કઇ રીતે મદદ કરે છે;
- જો તમને કોઇ બાળક અથવા યુવા વ્યકિત વિષે ચિંતા હોય તો શું કરવું;
- જો તમે પોતે એક બાળક અથવા યુવા વ્યકિત હોવ અને તમને કોઇ બાબત વિષે ચિંતા હોય તો કોને વાત કરવી;
- બાળકો અને યુવાનો કઇ રીતે પોતાને ઇન્ટરનેટ ઉપર ઓન લાઇન સુરક્ષિત રાખી શકે - તમારા માટે થોડીક મૂળભૂત તેમજ વિગતવાર માહિતી જેનો તમે ઉપયેગ કરી શકો;
- કઇ રીતે સાયબર - બુલિંગ(ઇન્ટરનેટ દ્વારા થતી વાતચીત દરમ્યાન દમદાટી ભરી ડરામણી) વિષે વધુ જાણકારી મેળવવી; અને
- સ્કૂલમાં ઈ-સેફટી – વૉરિકશાયરમાં શાળાના વિદ્યાર્થીઓને સુરક્ષિત રાખવા માટે પગલાઓ લેવામાં આવ્યા છે.



# વૉરિકશાયર સેફગાર્ડિંગ ચિલ્ડ્રન બૉર્ડ શું છે?

**What is the Warwickshire Safeguarding Children  Board?**

સરકારનું કહેવું છે કે દરેક વિસ્તારોમાં એવી વ્યવસ્થા હોવી જોઇએ કે જયાં સંસ્થાઓ અને વ્યવસાયિક લોકો એકબીજાને મળે અને યોજનાઓ બનાવે કે તેઓ કઇ રીતે બાળકો અને યુવા લોકોને ઈજાથી બચાવીને સુરક્ષિત રાખી શકે

## વૉરિકશાયર સેફગાર્ડિંગ ચિલ્ડ્રન બૉર્ડ કઇ રીતે આ કામ કરે છે?

**જેમ કે:**

- બાળકોની સુરક્ષા દરેકની જવાબદારી છે તે રીતે સમગ્ર કમ્યૂનિટિના સભ્યોને વિચાર કરવા પ્રેરિત કરવા;
- બાળકો સાથે કામ કરે છે તે બધા જ લોકો, જો કદાચ બાળકોને કનડગત થતી હોય તો તે શોધી કાઢવા અને તે બાબત કશુંક કરવા માટે તાલિમ પામેલ હોય તેની ખાતરી કરવામાં  મદદ કરવી;
- વ્યવસાયિક લોકોને પોતાનું કામ કરવા માર્ગદર્શન માટે પૂરતી પધ્ધતિ હોય તે બાબતની ખાતરી કરવી;
- બાળકોની સુરક્ષા માટે બનાવવામાં આવેલી સર્વિસીઝ અને પધ્ધતિઓ બરોબર કામ કરે છે તેની ચોકસાઇ રાખવી;
- સૌ પ્રથમ તો બાળકોને ઈજા ના પહોંચે તે બાબત રોકધામ માટેના શ્રેષ્ઠ માર્ગ શોધવા, જેમાં ઇન્ટરનેટ સંબંધિત ઈ - **સેફ્ટી** પણ આવી જાય

## વૉરિકશાયર બૉર્ડમાં કોણ કોણ છે?

- ડૉકટરો અને નર્સો, જેમની બાળકોની સુરક્ષા સંબંધિત ખાસ જવાબદારી છે;
- પોલિસ
- પ્રોબેશન સર્વિસ;
- શાળાઓ અને શિક્ષણ
- ચિલ્ડ્રન્સ સોશ્યલ કેર(પહેલાં સોશ્યલ સર્વિસ તરીકે ઓળખાતી હતી); અને
- કમ્યૂનિટિમાં ડિસ્ટ્રીકટ કાઉન્સીલ્સ(જીલ્લા સ્તરની કાઉન્સીલો) અને વૉલન્ટરી ગ્રૂપ્સ(સેવા કાર્ય કરતાં મંડળો).













## જો મને એવું લાગે કે કોઇ બાળકો પર અત્યાચાર થઇ રહયો છે તો મારે શું કરવું?

બાળકો પરનો અત્યાચાર શારીરિક, માનસિક અથવા જાતિય સંબંધ બાબત પણ હોય શકે અથવા બાળકની ઉપેક્ષા કરવામાં આવતી હોય. કોઇ એક વ્યકિત પણ હોય શકે કે જે બાળકો અથવા યુવા લોકોને નુકસાન પહોંચાડવા માટે બીજી ટેકનોલોજી તેમજ **ઇન્ટરનેટનો દુરપયોગ** કરતી હોય.

જો તમને લાગે કે કોઇ બાળક અથવા યુવા વ્યકિતને હાનિ થતી હોય તો વિના વિલંબે વૉરિકશાયર ચિલ્ડ્રન્સ સર્વિસીઝનો સંપર્ક કરશો.

તમે જયારે ફોન કરો, ત્યારે એ વાતની ચોખવટ કરશો કે તમે ચાઇલ્ડ પ્રોટેકશન રિફરલ(બાળકના સંરક્ષણ માટેની ભલામણ) કરી રહયા છો.

ઓફિસના સમય દરમ્યાન તમે **01926 410410** ફોન નંબર દ્વારા ચિલ્ડ્રન્સ ટીમનો સંપર્ક કરી શકો છો.

સાંજના સમયે અથવા રજાઓના દિવસોમાં ઇમરજન્સીમાં **01926 866922** ફોન નંબર દ્વારા ઇમરજન્સી ડયૂટી સર્વિસનો સંપર્ક કરી શકો છો.

******

## જો હું પોતે એક બાળક અથવા યુવા વ્યકિત હોઉં અને મારે વાત કરવી હોય તો મારે કોની સાથે વાત કરવી?

તમે વૉરિકશાયર ચિલ્ડ્રન્સ ટીમનો **01926 410410** નંબર દ્વારા સંપર્ક કરી શકો છો.

જો તમને કોઇ સલાહ જોઇતી હોય અથવા ફકત વાત કરવી હોય તો **ચાઇલ્ડલાઇન** પણ તમારી મદદ કરી શકશે.

કયારેક તમે તમારી જાતે સમસ્યાને ઉકેલી શકો. જયારે અમુક વખતે, બીજા કોઇ સાથે વાત કરવાથી જેમ કે, ઘરવાળાઓ સાથે, કેરર સાથે, મિત્ર સાથે અથવા ટિચર સાથે વાત કરવાથી મદદ મળી રહે.

તમે ચાઇલ્ડલાઇન હૅલ્પલાઇનનો  નંબર **0800 1111** દ્વારા ગમે ત્યારે સંપર્ક કરી શકો છો. ટેલિફોન કોલ્સ મફત છે અને ખાનગી રાખવામાં આવશે.

તમને ચાઇલ્ડલાઇન વૅબસાઇટ www.childline.org.uk, માંથી તમને બાળકો અને યુવા લોકો માટે ઘણી ઉપયોગી માહિતી મળી રહેશે.







## કઇ રીતે હું મારા બાળકોને ઑન લાઇન પર સુરક્ષિત રાખી શકું?

ફરક ઊભો કરવા માટે તમારે ઇન્ટરનેટની જાણકારીમાં નિષ્ણાંત હોવું જરૂરી નથી!

- **તમારા બાળકો સાથે** તેમના ઇન્ટરનેટના ઉપયોગ વિષે વાત કરો. ઇન્ટરનેટ બાબત બાળકોને સુરક્ષિત રાખવા માટેનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે તમે તમારા બાળકો સાથે ઇન્ટરનેટના ઉપયોગમાં ભાગ લો.
- તમારા બાળકો સાથે આ માહિતી પત્રિકામાં આપેલ **સુરક્ષિત રહેવા માટેના ઉત્તમ મુદ્દાઓની** ચર્ચા કરો.
- **હકારાત્મક વલણ રાખો!** ઇન્ટરનેટ, નવું શીખવા, સંપર્કમાં રહેવા તેમજ મજા મેળવવા માટેનું એક ઉત્તમ સાધન છે. જે રીતે વાસ્તવિક જગતમાં રહેવા માટે, **સાવચેતીના પગલાં** લેવા પડે છે તે જ રીતે અહિં પણ સાવચેતી રાખવી.
- **વધુ પડતી પ્રતિક્રિયા ન દાખવો!** તેમ કરવાથી તમારૂં બાળક ઇન્ટરનેટ બાબત તમારાથી વાતો છૂપાવવા માંડશે અને તેના લીધે તેમની સાથે વાત કરવી અઘરી થશે.
- યાદ રાખશો કે સુરક્ષા સંબંધિત સલાહ **મોબાઇલ ફોન દ્વારા થતાં ઇન્ટરનેટના ઉપયોગને** પણ લાગુ પડે છે.
- ઇન્ટનેટ ઉપર આવતી માહિતીઓને **રોકવા** અથવા તેના **ઉપર નજર રાખવા** માટે જો તમે કોઇ સૉફ્ટવૅરનો ઉપયોગ કરવાના હોવ, તો તે બાબત તમારા બાળક સાથે વાત કરો. સાથે મળીને નક્કી કરવામાં આવેલ નિયમ વધારે અસરકારક હોય છે.
- કોમ્પ્યૂટરને **ફેમિલિ રૂમમાં** રાખો(જો કે ટીનેજર્સ સાથે મુશ્કેલ છે, તેઓને પોતાની બાબતો ખાનગી રાખવી હોય છે)

**તમારૂં બાળક સુરક્ષા સંબંધિત સૌથી મહત્ત્વના સંદેશને સમજે તે બાબતની ચોકસાઇ રાખશો**

જેને તમે ઓનલાઇન મળ્યા હોવ તેને **કયારેય પણ** એકલા મળવા જવું **નહિ.**

**કયારેય પણ** સંપર્ક માટે પોતાની વ્યકિતગત માહિતી જણાવવી **નહિ.**

****

**ચાઇલ્ડ એકસ્પ્લૉઇટેશન ઍન્ડ ઑનલાઇન પ્રોટેકશન સેન્ટર(સી ઈ ઓ પી)** એક એજન્સી છે જેને સરકારનું પીઠબળ છે; જે બાળકોને ઇન્ટરનેટ ઉપર સુરક્ષિત રાખવાનું કામ કરે છે. વધુ જાણકારી મેળવવા માટે **www.ceop.gov.uk** વેબસાઇટની મુલાકાત લો. સી ઇ ઓ પી ઓનલાઇન સેન્ટર જે બધી જ ઉમરના બાળકો અને મોટેરાઓ માટે સલાહ સૂચનો આપે છે તેમનો સંપર્ક કરવા માટે **Thinkuknow.co.uk** વૅબસાઇટની મુલાકાત લો.













## ઑનલાઇન સુરક્ષિત રહેવા માટેના ઉત્તમ મુદ્દાઓ

- **યાદ રાખો, ઑનલાઇન તમે જેને પણ મળો છો તે એક અજાણી વ્યકિત છે,** ભલે તે લોકો મિત્ર જેવા લાગે.
- **જ્યારે પણ તમે ઓનલાઇન લોગ ઓન કરો તો નીકનેમ આપો** અને કયારેય પણ પોતાની એવી કોઇ પણ વિગતો ન આપો કે જેથી સામેવાળી વ્યકિત તમારો સંપર્ક કરી શકે. અર્થાત તમારૂં આખું નામ, ઘર અને સ્કૂલનું સરનામું, ટેલિફોન નંબર, પોતાનો ઇ-મેઇલ અથવા મોબાઇલ નંબર.
- જો તમે તમારો ફોટો ઇન્ટરનેટ ઉપર મૂકો તો, **યાદ રાખશો કે કોઇ પણ વ્યકિત તેને બદલી શકે અથવા તેનો અમુક ભાગનો ઉપયોગ કરી શકે, અથવા તમારો સંપર્ક** કરવા માટે તેનો ઉપયોગ કરી શકે.
- **તમે ઓનલાઇન કોઇની સાથે દોસ્તી કરો તો તે વ્યકિતને કયારેય પણ એકલા મળવા ન જતા,** પણ જો તમે મળવાના જ હોવ તો, કોઇક ભરોસાપાત્ર મોટાને સાથે લઇ જજો અને જાહેર સ્થળે મુલાકાત કરજો.
- તમે જે લોકોને ઓળખતા નથી  તેમના ઇ-મેઇલ અથવા ફાઇલ ખોલવી, તે તમારા માટે મુસીબત ઊભી કરી શકે છે – તેમાં વાયરસ હોય શકે છે, ખરાબ સંદેશાઓ અથવા એવી બાબતો સાથે સંબંધ હોય કે જે તમને જોવું ન હોય.
- જો તમે કોઇને ઇ-મેઇલ કર્યો હોય અથવા તમને ઇ-મેઇલ આવ્યો હોય જેના લીધે તમે ચિંતામાં હોવ અથવા દુ:ખી હોવ તો કોઇક મોટાને વાત કરો જેને તમે સારી રીતે જાણતા હોવ.

તમને નવી વૅબસાઇટો તેમજ મોબાઇલ્સ અને નવી ટેકનોલોજી વિષની **છેલ્લામાં છેલ્લી માહિતી** મેળવવા માટે **Thinkuknow.co.uk** વૅબસાઇટની મુલાકાત લો.

જાણી લો કે તમારા માટે શું સારૂં છે અને શું સારૂં નથી અને **તે બાબત તમે શું કરી શકો છો.**

આ વેબસાઇટ ઉપર કોઇ પણ વ્યકિત **રિપૉર્ટ** કરી શકે છે, જો તેને એમ લાગે કે કંઇક અજુગતું થઇ રહયું છે અથવા કોઇની સાથે ઓનલાઇન વાત કરતા હોય અને તેના વિષે ચિંતા થતી હોય તો તેઓ આ વેબસાઇટ ઉપર જણાવી શકે છે.

**સાયબર - બુલિંગ**(ઓનલાઇન વાતચીત દરમ્યાન દમદાટી) બાબત ચિંત્તિત છો? બુલિંગ બાબત વધુ માહિતી મેળવવા તેમજ એવું થાય તો શું કરી શકાય તે માટેની જાણકારી મેળવવા માટે **www.warwickshire.gov.uk/bullying**. વૅબસાઇટની મુલાકાત લો. બાળકો અને યુવા લોકો માટેની જાણકારી માટેની કડીને અનુસરો. તે વૅબસાઇટ ઉપર માબાપ અને કૅરર્સ માટે પણ જાણકારીની સુવિધા છે.









**હોમ ઑફિસ ના ટાસ્ક ફોર્સે** ઈન્ટરનેટ વાપરવા સંબંધિત ચાઈલ્ડ પ્રોટેકશન(બાળકની સુરક્ષા) બાબત વિગતવાર માહિતી પ્રકાશિત કરી છે. આ માહિતી **સોશ્યલ નેટવર્કિંગ સાઇટસ**(વાતચીત કરવા માટેની વેબસાઇટસ) અને **યુઝર ઇન્ટરએકટિવ સર્વિસીઝ**(ઇન્ટરનેટનો ઉપયોગ કરનારા લોકો એકબીજા સાથે સંપર્ક કરી શકે તે માટેની સર્વિસ)**નો** જ્યારે ઉપયોગ કરવામાં આવે ત્યારે બાળકોને સુરક્ષિત રાખવા સંબંધિત છે. મુખ્ય સલાહ સૂચનો નીચે જણાવેલ છે:

સોશ્યલ નેટવર્કિંગ અને ઇન્ટરએકટિવ સર્વિસીઝ શું છે? શા માટે બાળકો અને યુવાન લોકોને તેનો ઉપયોગ કરવો ગમે છે?

- સોશ્યલ નેટવર્કિંગ વૅબસાઇટ ઉપર લોકો પોતાની વાતો મૂકે અને બીજા લોકોને તેમાં સહભાગી બનાવે, શકય છે કે એ વાતોમાં સમગ્ર વિશ્વ સહભાગી બની શકે. દાખલારૂપે:
  - ➢ *બેબો - Bebo*
  - ➢ *સી વાય વર્લ્ડ - CyWorld*
  - ➢ ફેસબુક - *Facebook*
  - ➢ ફેસપાર્ટી *Faceparty*
  - ➢ ફ્રેન્ડસ રિયુનાઈટેડ- *Friends Reunited*
  - ➢ *યાહુ - Yahoo.*
- બીજી સર્વિસીઝ ખાસ વિષય પર કેન્દ્રિત હોય છે, જેમ કે પોતાની વિડિયો જોવામાં બીજા લોકોને સહભાગી બનાવવા. દાખલારૂપે:
  - ➢ યુ ટ્યૂબ - *UTube*
  - ➢ ડેઈલી મોશન - *Daily Motion*
  - ➢ એ ઓ ઍલ અનકટ - *AOL Uncut*
  - ➢ ગુગલ વિડિયો - *Google Video*
  - ➢ સી મી ટીવી - *SeeMeTV.*
- આ સર્વિસીઝ બાળકો અને યુવાન લોકોમાં લોકપ્રિય છે કારણ કે તેમાં તમે તમારી વ્યકિતગત અંગત વાતો વૅબસાઇટ ઉપર મૂકી શકો છો
- આ સર્વિસીઝ મારફતે બાળકો અને યુવાન લોકો પોતાની વાતો બીજાઓને સરળતાથી જણાવી શકે છે. મુખ્ય ગતિવિધઓમાં:
  - ➢ મિત્રો સાથે સંપર્ક રખાય અને એક બીજાના શોખમાં ભાગ લેવાય;













- ➢ પોતાની ઓળખાણ અને વિચારો સાથે પ્રયોગ કરાય;
- ➢ પોતાના માટે એક “જગ્યા” બનાવે કે જયાં કદાચ તેમના માતાપિતા કે કેરર્સ હાજર ન હોય;
- ➢ પોતાની આવડત અને ટેકનિકલ જ્ઞાનને દેખાડી શકે.

**આ બધી વૅબસાઇટસ અને સર્વિસીઝ સંબંધિત માતાપિતા માટે સુરક્ષા બાબતના મુદ્દાઓ લગભગ સરખા જ છે:**

- પોતાના બાળકની ઇન્ટરનેટ સંબંધિત **પ્રવૃત્તિઓમાં ભાગ લેતા** ડરો નહિ. સોશ્યલ નેટવર્ક અને યુઝર ઇન્ટરએકટિવ સર્વિસીઝ વિષે તપાસ કરવી સરળ હોય છે.
- **તમારા પોતાના બાળકને પૂછો** કે તે કયા સોશ્યલ નેટવર્કિંગ અને યુઝર ઇન્ટરએકટિવ સર્વિસીઝનો ઉપયોગ કરે છે અને તે કઇ રીતે કામ કરે છે
- તમારા બાળકની ઉમર કેટલી છે તેના આધારે તેના ઉપર તમે ઇચ્છો તો પેરન્ટલ કન્ટ્રોલ(માબાપનો કાબૂ) માટેના સૉફ્ટવેર જેવા કે ફિલ્ટરીંગ(જેના વડે અમુક વૅબસાઇટ ઉપર જઇ જ ન શકાય) અથવા મોનિટરીંગ( જે ચોકસાઇ રાખે) સોફ્ટવેરનો ઉપયોગ કરી શકો છો. તેવા સોફ્ટવેર વિષે વધુ માહિતી મેળવવા માટે www.getnetwise.org  ની મુલાકાત લેશો.
- યાદ રાખશો કે આ બધી વૅબસાઇટો ઉપર **મોબાઇલ ફોન** મારફતે પણ લૉગ ઓન કરાય છે તેમજ કામ્પ્યૂટર અને લૅપટોપ મારફતે પણ. તેથી તમો તમારા બાળક સાથે વાત કરશો કે તે કઇ રીતે સોશ્યલ નેટવર્કિંગનો ઉપયોગ કરે છે, દા:ત પોતાના **મોબાઇલ ફોન** મારફતે.
- તમારા બાળકો જે સોશ્યલ નેટવર્કિંગ અને ઇન્ટરએકટિવ સાઇટનો ઉપયોગ કરે છે તેનાથી **પોતાને પરિચિત કરો.**જેમ કે તે બધાના નિયમો અને શરતો શું છે; રજીસ્ટર થવા માટે કેટલી ઉમર હોવી જરૂરી છે; સુરક્ષા સંબંધિત સલાહ અને સાધન ઉપલબ્ધ છે કે નહિ અને તેના વિશિષ્ટ લક્ષણો શું છે?
- બાળકોને **સાચી ઉમર** સાથે રજીસ્ટર થવાનું શીખવો જેથી તેમને તેમની ઉમરને અનુરૂપ સુરક્ષા સંબંધિત યોગ્ય સાધનો મળી રહે.
- તમારા બાળકોને પોતાની ઓળખાણની **ગુપ્તતા ઓનલાઇન** જાળવી રાખવાનું વારંવાર સૂચવતા રહો – સલાહ આપો કે તેઓ ધ્યાન રાખે કે પોતાની કોઇ પણ જાણકારી બીજાને ન આપે કે જેના લીધે તેઓ કોણ છે અને કયાં રહે છે તેની બીજાને ખબર પડી જાય. જેમ કે ફોટો અથવા પોતે રહેતા હોય તે રસ્તા વિષેની માહિતી.









* આ બધી વૅબસાઇટો ઉપર તમારૂં બળક પોતાની વ્યકિતગત/અંગત માહિતી મૂકે તો તે **બધી વાતો ઉપર કઇ રીતે નિયંત્રણ રાખવું** તે માટેના વિકલ્પોની ચર્ચા તમારા બાળક સાથે કરો. તેઓએ પોતાની ગુપ્તતા જાળવવાની રીતને બદલી નાંખવી, બીજાઓને પોતાની સાઇટ ઉપર આવતા અટકાવવા, કોઇ ખરાબ રીતે વર્તે તો રીપોર્ટ કરવો તેમજ જરૂર લાગે તો પોતાનું અકાઉન્ટ કેન્સલ કરી શકાય વગેરેવિકલ્પો હોવા જોઈયે.

## સોશ્યલ નેટવર્કિંગ સાઇટસ - બાળકો અને યુવાન લોકો માટે સુરક્ષા સંબંધિત થોડાક વધારે મુદ્દાઓ

* **પોતાનો કાબૂ રાખવો - તમારી પોતાની ઓખાણની ગુપ્તતાનું રક્ષણ કરો:**

  કારણ કે તમે આ બધી સાઇટસ ઉપર એટલા માટે જાવ છો કે તમારા મિત્ર સાથે તમારો સંપર્ક રહે, તમે કદાચ વિચાર પણ ન કરો કે અજાણ્યા લોકો પાસે પણ તમારા વિષેની જાણકારી પહોંચી શકે છે અને કઇ રીતે તમારા ઉપર તેની અસર થઇ શકે છે. અહિં અમુક સૂચનો સૂચવિએ છીએ:

  - ➢ તમારા બારામાં બીજાને જાણકારી આપતાં પહેલાં વિચારો, કે તમારી અંગત માહિતી તમે કોને જણાવવા માંગો છો. ગુપ્તતા જાળવવા સંબંધિત જુદી જુદી સાઇટસની જુદી જુદી સેટિંગ્સ હોય છે – ધ્યાનથી બધુ વાંચો અને પછી નક્કી કરો કે તમારા વિષેની જાણકારી કોણ જોઇ શકે. શ્રેષ્ઠ રસ્તો એ છે કે તમે તમારા વિષેની માહિતી ખાનગી રાખો જેથી એ જ લોકો તમારા વિષેની માહિતી જોઇ શકે જેને તમે ઓળખો છો.
  - ➢ થોડા થોડા સમયે તમારા મિત્રો અને જેની સાથે તમે સંપર્ક કરો છો તેના નામ તપાસી જાવ જેથી તમને ખાતરી રહે કે હજી તમે ઇચ્છો છો કે આ જ લોકો પાસે તમારી જાણકારી જાય.
  - ➢ વિચારીને મિત્રોને માહિતીમાં સહભાગી બનાવો – ઝગડો થાય અને તમે જેને ઓળખતા હોવ તે જ લોકો કદાચ તમારી વિરુધ્ધ એ માહિતીનો ઉપયોગ કરે.
  - ➢ તમારા પાસ વર્ડને સાચવીને રાખો – મસ્તીમાં પણ મિત્રને ન આપો. તમને ખબર નથી કે તેઓ કદાચ બીજાને આપે.
  - ➢ યાદ રાખશો કે મોબાઇલ ફોન ખોવાઇ જાય કે ચોરાય જાય તો તમને ખબર નથી કે કોણ તેમાંથી તમારી જાણકારી લઇ લે અથવા તમારા બદલે તમારી જગ્યાએ તેઓ તેનો ઉપયોગ કરે. તમારા મોબાઇલ ઉપર પીન નંબર મૂકો જેથી બીજું કોઇ તમારી રજા વગર વાપરી ન શકે.
  - ➢ તમારી સાચી ઉમર રજીસ્ટર કરો જેથી બીજા લોકોને એવું ન લાગે કે તમારી ઉમર મોટી છે અને તમારી સાથે એ રીતે વર્તે કે જે તમારા માટે અયોગ્ય હોય.








WSCB
Warwickshire Safeguarding Children Board






- **“ જગ જાહેર” - જો તમે તમારી માહિતી ઑનલાઇન પર બધા જ જોઇ શકે એવું ઇચ્છતા હોવ , તો આ બાબતો વિષે વિચાર કરજો:**
  - ➢ તમે ચોક્કસ છો ને કે તમે આવું જ ઇચ્છો છો? તમારી માહિતી કોણ જોઇ શકે તેના ઉપર તમારો કાબૂ નહિ રહે.
  - ➢ કદાચ માહિતી “જગ જાહેર” થવાથી એવું પણ બની શકે જે તમે ન ઇચ્છતા હોવ. એક વખત માહિતી જાહેર થઇ જાય પછી કદાચ તમે તેને રોકી કે ભૂંસી ન શકો – તે માટે સાવધાન રહેશો.

## સ્કૂલમાં ઈ –સેફ્ટી: વૉરિકશાયરના વિદ્યાર્થીઓ ને ઑનલાઇન સુરક્ષિત રહેવામાં મદદરૂપ થવા માટેના પગલાંઓ

- સ્કૂલોમાં ઇન્ટરનેટનો ઉપયોગ વધી ગયો છે, ઇન્ટરનેટના ઉપયોગ માટે બાળકોને પ્રોત્સાહન આપવું જરૂરી છે જેથી ભણવામાં તેમને મદદ મળે પણ ઑનલાઇન જે જોખમ છે તેનાથી પોતાને સુરક્ષિત રાખે.
- વૉરિકશાયર કાઉન્ટી કાઉન્સીલની **આઇ સી ટી ડેવેલપમેન્ટ સર્વિસ,** પોલિસ અને ચાઇલ્ડ ઍક્સપ્લોઇટેશન ઓનલાઇન પ્રોટેકશન(સી ઇ ઓ પી) સાથે મળીને વૉરિકશાયરમાં સ્કૂલો માટે ઇન્ટરનેટ સંબંધિત સેફ્ટિ(સુરક્ષા) પ્રોગ્રામ બનાવ્યો છે જેમાં:
  - ➢ ઇ-સેફ્ટિ પૉલિસી જેમાં સ્કૂલો માટે અમલમાં મૂકી શકાય તેવા પગલાંઓ લેવા માટેનું માર્ગદર્શન;
  - ➢ ઇ-સેફ્ટિ પૉલિસીને પ્રોત્સાહન આપવા સંબંધિત શિક્ષકો માટે ટ્રેનિંગ કોર્સ;
  - ➢ પ્રાયમરી સ્કૂલોમાં બાળકો માટે ઇ-સેફ્ટિ વિષેની વાતો કરવી અને બાળકો કઇ રીતે ઘરમાં તેમજ સ્કૂલોમાં સુરક્ષાપૂર્વક ઇન્ટરનેટનો ઉપયોગ કરી શકે તે બાબત માતાપિતા માટે ઇ-સેફ્ટિ સંબંધિત સેશન્સોનું આયોજન;
  - ➢ કમ્પ્યૂટરોમાં અમુક પેકેજીસ જેવા કે – પોલિસી સેન્ટ્રલ એન્ટરપ્રાઇઝ(પી સી ઇ) અને વૅબસૅન્સ નંખાવવા – જે કલાસરૂમમાં ઇન્ટરનેટના ઉપયોગ ઉપર દેખરેખ રાખે.

- **પી સી ઇ કઇ રીતે આ કામ કરે છે?**
  પી સી ઇ એક પ્રકારનો સોફ્ટવૅર છે કે જેના લીધે કોઇ પણ નિયમનું ઉલંઘન થાય તો સ્કૂલને ખબર પડી જાય. અયોગ્ય વાકય અથવા કોઇ પણ અયોગ્ય વાત આવે કે તરત જ કમ્પ્યૂટર સિસ્ટમ નિયમના ઉલંઘનનો ફોટો પાડી લે અને તેને સ્ટોર કરીને તપાસ કરે. વૉરિકશાયરમાં જ સૌ પ્રથમ મોટા પાયે પી સી ઇ ને અમલમાં મૂકવામાં આવેલ છે.
- **વૅબસૅન્સ શું છે?**
  વેબસેન્સ મારફતે સ્કૂલો અમુક વેબસાઇટોને અટકાવી દે છે જેના લીધે બાળકો મર્યાદિત વૅબસાઇટો ઉપર જ લોગઓન કરી શકે.









તમે વૉરિકશાયરની આઈ સી ટી વૅબસાઇટની મુલાકાત લઇ શકો છોઃ
www.warwickshire.gov.uk/ictds

WSCB
Warwickshire
Safeguarding
Children Board

જો તમને્ વૉરિકશાયર સેફગાર્ડિંગ ચિલ્ડ્રન બૉર્ડ વિષે વધુ માહિતી જોઇતી હોય જેવી કે બોર્ડના સભ્યો કોણ છે અને બોર્ડ શું કામ કરે છે તે જાણવું હોય તો નીચે જણાવેલ વેબસાઇટની મુલાકાત લોઃ
www.warwickshire.gov.uk/wscb

જો તમને આ માહિતીને સમજવામાં મુશ્કેલી પડતી હોય તો અમે તમને બીજી રીતે માહિતી પૂરી પાડી શકીયે છીએ, દાઃતઃ. મોટા અક્ષરોમાં, સાંભળવાની ટેપમાં, અથવા બીજી ભાષામાં. કૃપા કરી ઇન્ટરપ્રિટિંગ અને ટ્રાન્સલેશન(ભાષાંતર) યુનિટનો સંપર્ક સાધોઃ ટેલિફોન નંબર  **01926 412698** અથવા **01926 412532**

# બાળકોને સુરક્ષિત અને તંદુરસ્ત રાખવા

## Keeping Children Safe and Healthy

*WSCB November 2008*
*SSCHL38*
*November 2008.*







